ॐ तत् सत् परमात्मा

સવાઈ વીક્રમ.

નાટકના ગાયનો.

રચી. છપાવી પ્રસિદ્ધ કરનાર.

ભટ જેઠાલાલ હરજીવન—નીવાસી મોરબી.

શ્રી મોરબી સ્વદેશ હીત નાટક કંપનીના માલીક.

આવૃતી ૧ લી. પ્રત. ૧૦૦૦

અમદાવાદમાં—મનહર પ્રિન્ટીંગ પ્રેસમાં પાનકોરના નાકે
ચુડીઓળમાં મોતીલાલ ગણપતરામે છાપ્યા.

સને ૧૯૧૦ સંવત ૧૯૬૭

કીંમત બે આના.

અર્પણ પત્રિકા.

શ્રીમંત ગાયકવાડ સરકારના રાજ્ય ગોર—ઇનામદાર.

રા. રા. નાનાલાલભાઇ માધવલાલભાઇ ત્રવાડી.

મુ. સીદ્ધપુર.

આપ માયાળુ અને સ્વજ્ઞાતીના ઉત્તમ અગ્રેશર હોઇ જે સ્વ-જ્ઞાતીની કંપનીને જે ઉત્તેજન આપ્યું છે તેને માટે કંપની આપનો અત્યંત આભાર માને છે, અને આ એક નવીન નાટક અલ્પ કાવ્ય કૃતીથી બનેલ લઘુ ૨ સુદ્ધાંત આપના હસ્તમાં મુકી આનંદિત થઇએ છીએ. એજ વીનંતી.

દોહરો.

હર્ષ ઇન્દુ આકાશને, ગંગ હેમ મહેપ;
ચીરણજીવી ત્યાં લગી, રહો નાનાલાલ નરેપ.

કરી અરી ગુરૂતાપની, તાકો તુકો સગાર;
તાપતા અતી કરૂણા કરો, નાનાલાલ પર કીરતાર.

આપનો સદા આભારી શેવક.

જેઠાલાલ હરજીવન ભટ્ટ.

મો. સ્વ. દી. ના કં. ના

માલીક તથા મેનેજર.

સવાઈ વીક્રમ.

નાટકના ગાયનો.

મંગળાચરણ.

૧

પ્રણમું પ્રેમે પ્રભુ પાયે નમું
ચરણ શરણ મંહી રીઝી રમું—ટેક;
અવર ન ઇચ્છું નામ આપ વીણ તાપ.
હરેણ સુખ કરણ. વીશ્વે વીરમું—પ્રણમું.

૨

વીવેક વીચારશો સ્ત્રી ચરીત્ર સ્વીકારીએ.
ધૃતી થકી ધર્મને જો ધારીએ—ટેટ;
અનેક સતી નારી, પ્રેમે પતીને પ્યારી
રીતી નીતી. એની નાં વીસારીએ—વીવેક.

૩

આવો આવો રમીએ રમત ગમતી ગમત.
સમંત સહુ ભેરૂ—ટેક;
મુકી દઇ મન દુખ મમત રોપો નહિં બીજે
કુલેશ, કેરૂં—આવો—
ભણીએ આપણુ ભેળા, વળી વળીએ સાથ ભેળા.

માસ ખારી અને ગાળા ગાળા. કરી શીદને લડીએ
ખાવનું ખાંતેથી લઇ ભલી ભાતેથી.
લાખ લાખની ઉડાવીએ લેરં—આવો.

૪

થરર થરર તન થડકે.
મનડુ અતી મુંઝાએએએ.
પુર ઉર ભર્યું સ્વા સ્વાસ આહા,
ત્રાસ ત્રાસ ધડ ધડકે એએએએ—થરર;
જ્વાળ જ્વાળ ઉડી રહી અંગે
ભેદી આગ ભડકે એએએ
હીત હીંમત હારૂં. ફેલ ફંદ ફડકે—એએ—થરર;

૫

જય જય જય માતું જગદંબે.
આદય શકતી અસુરો હણનારી.
સુર તણી સહાયક શ્રી અંબે—જય.
તુજ કરૂણાંથી. કઇક તર્યા છે. સુખ ઠામે એ ઠર્યા છે
અદભુત ગુણ તારા ઉચરાએ
વાર કરી વગર વીલંબે—જય;

૬

જા જય થાશે રે આશીશ. અંતરથી હું આપું—જા.
શ્રી હરી સહાશેરે, કર કરણાળું સ્થીર મતી સ્થાપું—જા.
વીક્રમ રાજાની વીખ્યાતી.
જગત બધામાં જેહ જણાતી.
એ થકી ચાતુરી ચઢીયાતી—જા;

૭

આવો સાહેલી આજ હળી મળી હેતે
શીયળ વૃતનાં વચનાં મૃત આ.
પદ પ્રેમે થકી ગુણ ભર્યાં રૂડાં ગાઓ—આ.
પ્રથમ ઉઠી પ્રભાતમાં શ્રી હરી સ્મરણ થાય.
સ્નાન વીધીથી સ્વચ્છ થઈ પુજો પતીના પાય.
કુળની રીતીથી નારીઓ નીતીથી, પળજો પ્રીતીથી
તો ભવ પાર ઉતરતાં ન અટવાવો—આવો.
એક રહો આનંદમાં બીજે રાખો બુદ્ધ
ત્રીજે તૃષણાંને તજો ચોથે વરતન સુદ્ધ
માહો સદા ચીત વૃત અખંડીત મુખ સુભા સીત.
તો ધન્ય ધન્ય ધરામાં સતીત્વ સુહાવો—આવો.

૮

આનંદ થશે ઇચ્છીત મળશે આશીશ અમ અંતરની ફળશે
ટળશે ચીંતા ચીત કેરી—જગ્ત વાત ક્ષત્રીય જાત.
દુખ માત ખ્યાત રળશે—આનંદ.
એ........ગુણીયલ સખી સહુ વદો બેસ બહુ
કૃત્ય કૃત્ય થાવું. બા ન કાંઇ બોલો બદલો વળશે—આ.

૯

હારે હું તો માલણ રંગીલી મોજીલી
રંગીલી મોજીલી હું છેલ છબીલી—હારે.
જાઇ જુઇ વળી ચંપો ચમેલી
હાર ગજરા વેણી ગુંથું હું વેલી
લટક મટક ચટકે હું લજીલી—હારે.

૧૦

કુક કુક કુક કુક કુકકુ કુક વાહવા કુક

દોસ્તદાર મારો તું ડાયો વેલો વાણાંમાં તું વાયો

અરધી રાતે ઉંઘ ઉડાડી એવી તારી રીત અનાડી

જા શોબત મારી તું મુક–વાહ વાહ;

૧૧

માલવ મહીપતી ગુણ ગાવો.

ચરણ મહી, સહુ શીર નામી, પ્રેમે પામી, સ્નેહે જગ સ્વામી

વામી વામી દુઃખ યશ શંપત સુખ મજે ભાગ્ય ભલે આવો મા

પરદુઃખ ભંજન વીર ધીર મહારાજ પ્રાક્રમી પુ...રા.

જ્ઞાન માન ગુણ દાન કાન સુણી છળ પ્રપંચ ચુરા

રામરાજ સમ પ્રજા પ્રેમે પોશાવો–માલવ.

૧૨

આરાધું અખીલેશ્વરી આપો ભક્તી.

શુભ ભાવ ધરી..........આરાધું.

શરણ તમારૂં સુખ દાયક છે.

ભય સમયે માતા સહાયક છે...આરાધું.

૧૩

અરે ઓ પ્રતાપી વીર વાત ધ્યાનમાં ધરો.

આપ્યું વચન મુને છે એક (૨) યાદ તો કરો...અરે.

આ રાજ આપ્યું છે એક લેખમાં લખી.

કરી શર્ત જીત વાત મોને આવી પારખી...અરે.

હું આવ્યો અહીં કહું હવેથી ચેતી ચાલજો

પ્રાક્રમી છો આપ પુરા વચન પાળજો—અરે.

૧૪

નેનમેં.....તોરી છબી બસ ગઇ સલુણાં પ્રીયા,

દરશન દેદો ને

રેન દીન મોહે કલન પરત હેય

હમીદ પીયા તોરી સેનનમે............તોરી.

૧૫

હુતો લટક મટકતી છેલ છબીલી થઇ હું નાની નારી.

વાહ વાહ હુ ઠમકાતી ચાલુ ભભકામાં ભારી–હું.

કોઇ વરતી કાઢે કદી નહી આ સહેર કરી આવું,

કોઇ મળે મુરખ વળી મન ઘેલો કરી ફજેતીમાં ફાવું...હુંતો

૧૬

હાય હાય આવી ફસ્યા હાથ ધસ્યા આશી દશા.

બીડુ ઉઠાવી ચાવી આપણે મુખ લાલ કર્યું

ત્યારે તો બાદુરીમાં આપણું આ નામ ઠર્યું–હાય.

હવે છાનો રહે હરામી તુતો છેક છકયો

બહુના બન અરે બેવકુફ બોલ બકયો–હાય

૧૭

હઠો જાવો કનેઇયા નહી ડારો કંકરી (૨)

જમુના ત્રટપન ધટપરની ખટ

કેશી કરો એ આ આ કે ઠીઠુરી...હઠો;

ઉઠાવું બીડુ આ આ આ. (૩)

પકડુ ઠગને પ્રપંચથી જરા જુએ એ મારૂં જોર

ખોડ ભુલાવું એની ખંતથી,

નાશે શું એ નઠોર...હું ઉઠાવું.

૧૯

હાં હાં હમારા જીવ જાન હમ રૂપૈયા.
વાહ રૂપયા વાહ રૂપૈયા વાહ રૂપૈયા...હાં.
જગમેં સીવા ઊસ્કે બોલ કોન ખરા.
અગર કહેવેજો કોઇ સમજો સંગ.
ઉસે લડા........હાં હાં.

૨૦

જરા ઠેરો અજી અભી આતી હું
અભી આતી હું જરા જાતીહું...જરા.
દેર હોતી રહેગી રોતી ઉડ જાવેગા રંગ.
આઇ તક ગુમાવેગી તું
ખાઇ [illegible] ંગ. અજી અભી આતીહું.
સજુ શીનગાર તું હોગી ખુવાર
કુહો ઇસે તુમે કયા હેય તકરાર
ચલ ચલ જાહક નટખટ હુવે નફ્ટ
કરતી કયા કટ કટ તું ખાવેગી માર...જરા.

૨૧

અમને તુંજ આધાર પ્રભુ છે જો અમને તુજ આધાર
મુજ બાળકને બળ દેજેતું, ભયભીતીથી ઉગાર–અમને.

૨૨

વીરા જાઉં વારીરે વળે વી જઇ જાઇ
માજી ચીંન્તા મારીરે કરો ના તમે કાંઇ
પીતાજી મુજ પ્રપંચ ને જાણે નહિ જરાય.
આશીશ આપું આજથી જશવંતો જગમાય.

ધાતુ ધૈર્ય ધારી
ધર્તં પુરં ધારી........વજે વીજય થઇ...વીર

૨૩

આજે થયો હર્ષ હર્ષ પુત્ર દર્શ સુત કરશી
આજે ગન કીરતી ગગન મંગળ મય છે સરસ સરસ
માજીની મેર થઇ લીલા આ લેર થઇ
વાગ્યો આ ડંકો વીશ્વે વીજય
આજે આનંદ સુખ સુકંદ
વીજય વૃંદ તણો શુભ સ્પર્શ...આજે.

અંક પહેલો સમાપ્ત.

અંક બીજો.

૨૪

અભીમાન અરે આ કેવું
અન્યતણું અપમાન થાય એ.
લક્ષ જરા નવ લેવું —ટેક.
કુદરતની કૃતી શહુ નહિ સરખી.
અંતર અરસ પરસ છે પણ તેથી સું કહેવાય કે
ખરાબ એ એક આજ સરસ—અભી.

૨૫

જા જા જા કહેજે રાજાને ભલે હું મુકુ છું માજાને
ચરીત્ર સ્ત્રીનું ખરૂં સોહાયે. જગત બધુ જેના જશ ગાએ—

वीनय भर्युं एतो वखणाए पुरुसो जेने नमे छे पर्वे–जा.

२६

नहि दील डरो तमे तात दयालु प्रभु छे सहाये
जुठाने जक मळी कदी नहि जाणो सत्ये छुपाये
भले रायजी रीस करीने पक्ष पात करता न डरीने
आचरसे अन्याय अवज्ञा थाय करो ए सुं कहेवाये ...नहि.

२७

वाह वाह हुं वारी जाऊ गहन गती छे तारी हे वीभु.
नाना नहि कळाय कोइथी रचना शी रम्य रची प्रभु–टेक
आजे ऊछळातो उदद्धी ऊमंगनो अंतर भर्यो
वीस वीस वरसे तें वीयोगी तन तणो तापज हर्यो ...वाह.

२८

आहा आ वरसे आ जे हरसे प्रफुलीत.
अंतर मय नीतरसे.
प्रेमी जन मळता मन धन छे पुत्र मीलन कृत्य कृत्य.
जीवन छे–आथी अनुपम सुं ठरसे. टेक.

२९

सोनानी सळीए मांडवो.
मांडवडे रे कांइ मल्यारे मोरार.
छपन कोटी जाद मल्या.–टेक.
रुक्षमणी श्री कृस्नने वीनवे.
ठाकोरीया राय जग देखाड.
राय जग हशे रे रळीयामणो–सो

३०

आव्यो रुडो आनंद नो दीन आज.

શાણીઆ ચાર્યા સાશરે રે માંણું રાજ.
અંગે આપણ ઉમંગ નમાય, વાધ્યો સુખરાજ,
અવાસરે રેમાંણું રાજ.
ડાયાં છો બાં ડાપણ શીખ શું દઇએરે માંણુંરાજ.
કાડે ચાહો નીતીથી કલ્યાણ–સખી ચતુર સુજાણ–
રે માંણું રાજ—આ.

૩૧

હવે ચીંતા કર કાં હું હારીરે, વાર કરશે શ્રી કુંજવીહારી.
વનરા વન. જક માધવ મુકુંદ–તોડી તોફાની ફંદ–
લેશે તારી—હવે–
સત્યની સહાયે શ્રી હરી સદાયે થાય ભકતી ને આધીન ભારી
પ્રેમ વસ થઇ દેસું જશ દઇ.
સતીની સેવા સ્વીકારી–હવે.

૩૨

ઝગ મગીઓ જામો સોનેરી ચુંદડલી પેરે ઓઢી
વહુ વર પધારીઆં–પીતાજી એ જોયાં–માતા મન મોયાં
વાલ વીસે કે વધાવીયાં–ઝગ–
ઘેર ઘેર ઉત્સવ થાય, વાજાં વાગે સોભતારે
જાણે જન સહુ દીવાળીનો દીન લગન જોવા લોભનારે–ઝગ–

૩૩

શીદ સસરાજી શરત આવી આ કરો.
રહેમ લાવોરે ન ડુબાવોરે મુજ અબળા ને આજ,
લળી લાગુ પાય, લોપુ ન હું લાજ–શીદ–

સુભ ચીત્ર ચરીત્ર તણું આ જુઓ-કરી મહેર-
જાણો જેદીર-મારી ભુલનો ભાસ-કરજો જાહેર ન્યાય-શીદ-

૩૪

અરેરે આ દુઃખનું ભય ભાન ભુલાવે ભમાવે-અરે-
મુને બાવરી તો એ બનાવે—ટેક.
આ સસી ઊરે હવે હરી રાખું અહીંથી શું છુટી શકાયે
પ્રભુ કરૂણાપર રહું પડી અહીં વ્યાકુળી વ્હવળ થાએ-અરે-

૩૫

એ ... ... મહીયારી મટુકી લઇ થાઊ.
પ્યારા મારા પરણ્યાંને દુધડલાં પાઊં—ટેક.
અંગે ઓઢી કામળી કાળી આંખડલી આંજુ અણીયાળી
છળથી શલુણાં ને સાંઉ-એ.

૩૬

વનીતાને વીશ્વ વખાણે વીચારો-(૨)
સુખ દુઃખની સાથી ઉતપત્તી એમાંથી પુરૂષો અરધાંગ
પ્રમાણે એનાથી ઊજ્વળ જોતી છે જળ હળ.
લાખો લખાઇ લખાણે-વની.

૩૭

બસ કરતું બકવાદ ગાંડી સું ગણકારૂં શરમ તજીને.
શામે મારી, આમ સું કામ તુ વદે અવીચારી-ટેક-
વચન પીતાનું વીસરી જાતું, પતીત રૂપે
હું પરખાવું. બને નહિ બેશક જો જુઠી
સમજે શું તું બાળ બીચારી-બસ.

૩૮

કોઇ દુધ લ્યો કોઇ દુધ લ્યો—
આવો આવો આપું હું પ્રીતેથી પીઓ—ટેક.

સાખી.—જીવન જગતું આ જુઓ ઉતમ અમૃત એક—
ગોરસ અરથ ન જાણશે સમજ્યા વીનાના છેકરે—કોઇ.

સાખી.—બળ દાયક બાળક તણું, પુષ્ટ શરીર પોશાય,
રોગી જનને રૂચતું મુખ્ય આ દુધ મનાય—કોઇ.

સાખી—ધોળો પ્યાલો આ રૂડો ધોળો દુધનો રંગ
શ્યામા આપે આમને શો રૂડો થયો સંગરે—કોઇ.

૩૯

અળગા રોને અલબેલા શું કરતા આવી આ આળ
વળગ્યા આવો ન સલુણા, જરા રાખો સંભાળ—ટેક—
વાહ રઢીઆળી ... ... ભોળી બાળી
વાહ નખરાળી ... ... નવી નીહાળી.
આઘા જાઓ ઓરા આવો
અરે આમસું કરો કામસું—રોને.

અંક બીજો સમાપ્ત.

....

અંક ત્રીજો.

૪૦

નીંદરડી આવે ઉતાવળી પ્રેમે પોઢો હો બાલુડા રાજ
ઓ ... ... હાં હાં હાં—નીદરડી,
રત્ન જડીત્ર રૂડુ પારણું સાંભ હીરની દોરી હું આજ

અજો ... ... હાં હાં હાં—નીદરડી.

૪૧

પ્રભુ તુજ કરૂણાં થકી થયું સહુ
કાર્ય સફળ મનનું ધાર્યું–ટેક.
બીતી હતી પણ બળ તેં આપ્યું
બુધ્ધી તેં બેસ બનાવીરે—પ્રભુ
છળ બળ કળ તણી તક શુભ સાધી
જુગતીથી જાળ જમાવીરે–પ્રભુ

૪૨

મધુરી મેના મારી–વાહ વાહરે વાત તારી.
નાનકડી છોતું નારી–નાખે કાં મુજને મારી–ટેક.
સાચું છે ક્યાં આ મરવું–ઢોંગી ધતીંગ કરવું
સુઇ રહેવું નાથ સરવું વાહ વાહ કેતી કહેવું હળવું–મધુરી.
જરા ઓરી આવ પ્યારી–એક વાત જો વીચારી
છેલી વખત સંભાળી કહું કાંનમાં—મધુરી.

૪૩

કાનુડો તો દઇને ગયો ભેખ-રે મહીયારણ અમને (૨)
મોર મુગટવાળા છતર બીરાજે સોળસે ગોપીમાં કાનો છેલરે–મ
આ કાંઠે ગંગા વ્હાલા ઓલે કાંઠે જમુના વચમાં મુકીછે એકાએકરે–મ.
વંદ્રાતે વનમાં વાલે રાસ રચાવ્યોને–સોળસે ગોપીમાં કાનો એકરે–મ.,

૪૪

જય જય મહાદેવી (૨)અદભુત અકળીત માયા જાણાવી જગ કેવી.
યોવન વય આ રૂપ પુર્ણ પ્રકાશું છે (૨) મહા મોક્ષનું ધામ
ભક્તને ભાસ્યું છે—જય.

૪૫

જાઅતો જોગનસે આહેકા મોહન બનું

પ્રેમ ફાંસી ડારોના ફીસીફી સુનુ-ટેક-
જપુ માળા ધરૂ મંય તુમારાઈ ધ્યાન
મુજે દેદો સજીવન કો તો મંત્ર દાન-મંય.
મુજે અપના સમજકે કરો મહેર તુમ
હાં હાં પ્યારે ઊઠો તુંમતો કયા ગમ રહે-મઅતો.

૪૬

હા હા હું હજીએ કહું છું રે હીમતથી અહીં-
જા જા કર જાણ જઈનેરે કીમત મે કહી-ટેક-
શાખી-કેરી કેવી સરસ છે આ, મોંઘુજ એનું મુલ્ય છે;
રાજાજી વીક્રમ રાયની, જમણી તો આંખજ ફુલ છે;
કહો કોઇને લેવી છે કીમત આપવી એ કબુલ છે;
પસતાવો પાછળથી થશે ચાખો તો સ્વાદ અતુલ છે-હાં હાં-

૪૭

રાજાજી રીશ તજો વાત તો વીચારો
જરા જુઓ ધ્યાન ધરી (૨) ટેક
નીરખો પ્રભુની રચના શી ન્યારી
એમાં ચાહોસું એક એકને ધીક્કારો—રાજા.

૪૮

આવ્યો દાદાજી મુને બોલાવ્યો દાદાજી
બા કાં બોલતા નથી તું કહેને દાદાજી
મામાને ત્યાંતો માંણતો તો મોજ હું
રમતો રાજપુત્ર રમત રોજ હું
તેડાવ્યો દાદાજી ત્યારે હું આવ્યો દાદાજી-બા કાં.

૪૯

આમ જુઓ કંથ આપ કાં કરો અંકારી
હું છું પીયુ આપની પરણી તજેલી પ્યારી-ટેક.
સા૦ ।. પ્રેમેથી દુધ પી ગયા, હેતે ઝાલ્યો હાથ;
સ્વામા મહીયારી જાણી, નાખી માહે નાથ—આમ.

સાખી. મ્રત સરીર જીવાડીયું, જોતાં સર્વે જન;
જોગણ કોણ હતી જુઓ, મંત્ર મળ્યો સજીવ
સાખી. ક્રોધ કરીને રાયજી આપી કેદ એકાંન્ત;
સરત કરી પુરી સહુ, ભાગો મનની ભ્રાંત–અ

૫૦

જય જગદાધાર વરતો મહારાજનો જગ જય જયકા
અરી સરણે સહુ આવી નમે આ વાર–જય.
છળ પ્રપંચ પાખંડ દંડ દઇ પ્રગટાવ્યો મહા પ્રતાપ
પ્રજા પ્યાર વાધ્યો વીણ માપે
અજર અમર કીરતી આ અપાર–જય.

ત્રીજો અંક (સમાપ્ત.)

લી. લખમીશંકર વી. જેઠાલાલ ભટ.

જાહેર ખબર.

નીચેનાં પુસ્તકો અમારી કં ના મુકામ હોર
થી એને મોરબી તલપદમાંથી રાળી ડાકટર શંક
કુંવરજી જાનીને ત્યાંથી નાટપેડ કાગળ લેવામાં નહિ